
ઓક્ટોમ્બર – ૨૦૧૯
અંક – ૨૬

GSECL

GMDC
FUELING THE GROWTH



# અરુણોદય








સંપાદકીય બોર્ડ
- એચ.કે. જોષી
- એસ.જે.મેહ્તા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા

– તંત્રી સ્થાનેથી
– મહાત્મા ગાંધીજીને ૧૫૦ મી જન્મજયંતીએ કોટિ કોટિ વંદન....
– बापु का जन्मदिन
– નવરાત્રિ એટલે લક્ષ્મી, શકિત ,સરસ્વતીની આરાધનાના દિવસો
– ચાણકયનાં નીતિસૂત્રો.
– ઉંમર નથી
– પ્રેરણાદાયી વિચારો
– શાળાની પ્રવૃત્તિઓ

:: તંત્રી ::
પી.ટી. પઢેરીયા

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

150 YEARS OF CELEBRATING THE MAHATMA

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ – બહેનો , શિક્ષકમિત્રો તથા વિધાર્થીઓ. સૌને સાદર વંદન "અરૂણોદય" ઓકટોબર -૨૦૧૯ અંકને -૨૬ આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ-ખૂબ હર્ષની લાગણી અનુબવું છું.

આ માસના અંતમાં દિવાળી અને નૂતન વર્ષ આવતું હોઇ સૌને અમારા એડવાન્સમાં " નૂતન વર્ષાભિનંદન" . આ અંકમાં જુદા– જુદા લેખો તથા આપણી શ્રી એસ.કે.વી વિધાલય માં દર માસે થતી પ્રવૃતિઓની ઝલક છેલ્લે ફોટોગ્રાફ દ્વારા દર્શાવેલ છે.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપા દ્વારા કોઇ પણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

પી.ટી. પઢેરીયા

તંત્રી



# મહાત્મા ગાંધીજીને ૧૫૦ મી જન્મજયંતીએ કોટિ કોટિ વંદન....




શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.

ગાંધીબાપુનું જીવન તો એક યજ્ઞ સમાન હતું. વિધાર્થી અવસ્થામાં નાની વયે અજાણપણે થઇ ગયેલી કેટલીક સહજ ભૂલો – છતાં ભૂલોની જાહેરમાં કબૂલાત કરી તેને સુધારવા મથતા આ મહામાનવે પોતાના જીવનની સોનેરી અને પ્રેરક સંદેશની બાયોગ્રાફી " સત્યના પ્રયોગો " અથવા " આત્મકથા " નામે પ્રસિધ્ધ કરી. આજે વિશ્વનું આ અમૂલ્ય નજરાણું વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદિત થઇ લાખો આવૃતિઓ ધરાવે છે. આ પુસ્તક દરેક બાળકે અને શિક્ષક-વાલીઓએ અચૂક વાંચવું.

તેમનું વ્યકિતત્વ અત્યંત ગતિશીલ,નિર્મોહી અને નિર્મળ હતું. ખુલ્લા મનના સત્યશોધકને છાજે એવી નમ્રતા સાથે વિનોદ્દવૃતિ પણ તેમના સ્વભાવમાં જોવા મળે છે. તેમનું સાદગી ,સંયમ, ચોકસાઇ,ચીવટ, સ્વચ્છતા, નિયમિતતાથી ઓપતું હતું.

" મારું જીવન એજ મારો સંદેશ છે " એવું તેઓ કહેતા હતા. દ.આફ્રિકામાં રંગભેદની નીતિ સામે સત્યાગ્રહ આદર્યો. ત્યાંના લોકોને થતો અન્યાય દૂર કર્યો. સ્ત્રીશિક્ષણ , અસ્પૃશ્યતા નિવારણ , નિરક્ષરતા નિવારણ , કુરિવાજો , દારૂબંધી , ગ્રામોધ્ધાર , સ્ત્રીસ્વાતંત્ર્ય જેવા એ સમયના અનેક પ્રશ્નો સામે ભારે લડત ઉપાડી. જીવન જીવવાની એક નવી જ વ્યવહારૂ રીત એમણે આચરી બતાવી. સાબરમતી અને વર્ધામાં આશ્રમો સ્થાપી દેશસેવકો તૈયાર કર્યા, તેઓ સ્વદેશી ચીજોના ભારે હિમાયતી હતા. તેમણે અનેકવાર જેલવાસ વેઠયો , આમરણાંત ઉપવાસો કર્યા , ગરીબોની હાલત નિહાળી પોતાના દેહ પર વણેલું ખાદીનું માત્ર એક કપડું જ આજીવન ધારણ કર્યું. ખાદી ,ચરખા દ્વારા સ્વાવલંબી થવાનો સંદેશ આપ્યો. સત્ય અને અહિંસાના માર્ગ પર ચાલીને તેમણે આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કર્યું હતું.



# बापु का जन्मदिन



રીટાબેન એસ.મહેતા
પ્રાથમિક શિક્ષક

आंखो पे चश्मा हाथ में लाठी

और चहेरे पे मुश्कान, दिलमें था उनके हिन्दुस्तान.

अहिंसा उनका हथियार था, अंग्रेजो पे भारी जिसका वार था

जातपात को भुलकर, वो जिना शिखाते थे

सादा हो जिवन और अच्छे हो विचार

बडे को दो इज्जत, और छोटो को प्यार

बापु यही सबको जताते थे,

लोगो के मन से अंधकार मिटाते थे, स्वच्छता पे वो देते थे जोर

मा भारती से जुडी थी उनकी दिल की डौर

ऐसी शख्शियत को हम कदी भूल ना पायेंगे

उनके विचारो को हम सदा अपनायेंगे

जन्मदिवस बापु का आया

सारे जग ने शीश झुकाया।




# નવરાત્રિ એટલે લક્ષ્મી, શકિત ,સરસ્વતીની આરાધનાના દિવસો



કુ. એન.બી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આસો માસના સુદ એકમથી નોમ સુધીના દિવસો એટલે નવરાત્રી . સરસ્વતી , મહાલક્ષ્મી અને શક્તિની ઉપાસનાનું પર્વ એટલે નવરાત્રિ.

અનાદિ કાળથી સદ્ વિચારો , દૈવી વિચારો પર આસુરીવૃત્તિ હુમલો કરતી આવી છે અને દૈવી વિચાર અગવડ માં આવતાં જ દેવોએ ભગવાન પાસે શક્તિ માંગી , સામર્થ્ય માંગ્યુ અને આસુરી વૃત્તિનો પરાભવ કર્યો .

ફક્ત સદ્વિચાર હોવા એ પૂરતું નથી તેનું રક્ષણ થવું પણ જરૂરી છે અને તે માટે શક્તિની ઉપાસના આવશ્યક છે

"દૂર કરે ભય ભક્ત કા
દુર્ગા માં કા રૂપ,
બલ ઔર બુધ્ધિ બઢાયે
માં દેતી સુખ કી ધૂપ."

નવરાત્રીના પ્રથમ ત્રણ દિવસોમાં માં સરસ્વતી પાસે જ્ઞાન પછીના ત્રણ  દિવસ લક્ષ્મી અને અંતિમ ત્રણ દિવસ શક્તિ માંગવાના શુભ દિવસો છે માં તારી પાસેથી મળેલું જ્ઞાન હું ઘર ઘર વહેંચું તારા કામ માટે લક્ષ્મી નો ઉપયોગ કરી તેને મહાલક્ષ્મી બનાવું અને તારા પાસેથી મળેલી શક્તિનો ગેરમાર્ગે ઉપયોગ ન કરતા તારા કામ માટે વાપરું એ જ નવરાત્રિનું ખરું પૂજન છે

શેરી , ગામ કે ચોકમાં રમાતી ગરબીમાં બહેનો માં નું સ્થાન વચ્ચે રાખી તેની ફરતે ગોળ ગરબા ગાય છે ,  તેની પાછળ એ ભાવના છે કે અમારુ સૌનું કેન્દ્રસ્થાન માં તું જ હોઈ શકે . માં તું અમને સદ્ બુધ્ધિ આપ , સંઘબળ આપ અને અમારા અહંકાર , દ્વેષ ,  આસુરીવૃત્તિ ને તું ખલાસ કરી નાખ.

માત્ર Eat Drink and be merry વાળા ભોગ જીવનમાંથી ભાવ જીવન તરફ અમે વળીએ અને ઉચ્ચ દૈવી જીવન જીવી શકીએ તે માટે ની દ્રષ્ટિ અને શક્તિ માં તું અમને આપ એવી તારી પાસે અમે માંગણી કરીએ છીએ



# ચાણકયનાં નીતિસૂત્રો



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ભારતના હોશિયાર અને બુધ્ધિશાળી વ્યક્તિઓમાં ચાણક્યનું નામ મોખરે છે. તેઓ મૌર્ય સામ્રાજ્યના સમ્રાટ ચંદ્રગુપ્ત ના ગુરુ અને મુખ્યપ્રધાન હતા. તો વળી સાથે સાથે સલાહકાર તરીકેની પણ ફરજ અદા કરતા .ચાણક્ય નું સાચું નામ વિષ્ણુ ગુપ્ત હતું તેના પિતા ચાણક ના નામ પરથી તેઓ ચાણક્ય તરી કે ઓળખાતા હતાં.

તેઓ કહેતા કોઈપણ કામની શરૂઆત કરતા પહેલા પોતાની જાતને ત્રણ સવાલ પૂછો .

૧. હું આ શા માટે કરી રહ્યો છું

૨. આનું પરિણામ શું હોઈ શકે ?

૩. શું હું સફળ થઈશ ?

આ સવાલો વિશે ઊંડાણપૂર્વક વિચારવાથી જો સંતોષકારક જવાબ મળી જાય તો જ આગળ વધવું ચાણક્ય એ આપેલા કેટલાક નીતિસુત્રો પૈકી ના નીતિસૂત્રો ની વાત કરીએ તો .......

**(૧) પારકી અમાનત પ્રત્યે ભેદભાવ રાખનાર સ્વાર્થી છે :-**

પારકી અમાનત અને પરધનથી રક્ષા પણ પોતાના ધનની જેમ કરવી જોઈએ . એમ ન કરનાર વ્યક્તિ સ્વાર્થી છે એ જ રીતે શાસન ચલાવતા મંત્રીઓ અને અધિકારીઓ એ પોતાને સોંપાયેલ કાર્ય અને જવાબદારીઓ પ્રજાની અમાનત માનવી જોઈએ અને તેને પૂર્ણ કરવા સંપૂર્ણ પ્રમાણિકતા અને નિષ્ઠાથી પ્રયત્નો કરવા જોઈએ.

**(૨) દાન ધર્મ છે :-**

દાન આપવુ એ એક પ્રકારનો ધર્મ છે. પરંતુ જેને સાચે જ જરૂર હોય એને જ દાન આપવું . કોઈ સ્વસ્થ ,બલિષ્ઠ માનવીને આર્થિક સહાય આપવાથી એ આળસુ અને કામચોર બની જાય છે. એ એથી આખરે રાષ્ટ્ર ને જ હાનિ પહોંચે છે.

સાથે-સાથે દાન આપતી વખતે મનમાં ઘમંડ ન હોવો જોઈએ ઉપરાંત દાનથી મને શો લાભ થશે એવી સ્વાર્થમૂલક વૃત્તિ પણ ન રાખવી જોઈએ. લાભની અપેક્ષા થી આપેલું દાન એ દાન નથી પણ એક સોદો છે.

" શિક્ષક કભી સાધારણ નહી હોતા
પ્રલય ઔર સર્જન ઉસકી ગોદ મે પલતે હૈ."

ખરેખર ચાણક્યનું અર્થશાસ્ત્ર ,રાજનીતિમાં એટલું જબરદસ્ત ઊંડાણ હતું કે તેમના માર્ગદર્શક સિધ્ધાંતો આજે પણ એટલા જ પ્રખ્યાત છે

# ઉમર નથી



વી.કે.સોલંકી
એચ.એમ.ઈ.ઓપરેટર
લિગ્નાઈટ પ્રોજેક્ટ ઉમરસર

ઉમર નથી, ઉમર નથી જિંદગી જીવવાની હવે ઉમર નથી,
લોકો કહે છે અકળાવ  નહિ ,હજુ મરવાની પણ ઉમર નથી.
શું કહેવું , જિંદગી ,એવા પડાવ  પર ઉભી છે કે જ્યાં !
હા, કહેવાની ઉમર નથી, કે ના કહેવાની પણ  ઉમર નથી.
અકાળે વૃદ્ધ કરી નાખ્યો છે આ દુનિયા એ...!!
લોકો કહે ભજન કરો, ભટકવાની હવે ઉમર નથી.
કેટલાય બાકીછે હિસાબો હજુય પતાવવાના !!!!
લોકો કહેછે ભૂલી જાઓ ,યાદ કરવાની હવે ઉમર નથી.
ક્યારે યુવાન માંથી થઇ ગયા અંકલ , ખબરજ ના પડી !!!!
લોકો કહેછે લાજો જરા ,ઈશ્ક કરવાની  હવે ઉમર નથી .
દેવ દર્શન ને  મંદિર ના ઓટલે બેસી રહેવું ક્યાં સુધી ?
લોકો કહેછે ,ધ્યાન ધરો  ,ધ્યાન રાખવાની હવે ઉમર નથી
દિલ થાયછે , બે પેગ મારીને ભૂલી જાઉં આ દર્દો બધા ,
લોકો કહેછે દવા પીઓ ,દારૂ પીવાની હવે ઉમર નથી
ફેસ બુક , વોટ્સએપ કે ટીક ટોક  વગર કેમ જાય જીન્દગી
લોકો કહે છે મોબાઈલ મુકો , આંખો ફોડવાની  હવે ઉમર નથી
પ્યાર ,મહોબ્બત ને પ્રણય વિષે વિચારવું શું એ પણ ગુન્હો છે,?
લોકો કહે ઘેરજ દીવા પ્રગટાવો ,બહાર જ્યોતો જલાવવાની ઉમર નથી.
બર્ગર, પિત્જા અને પાસ્તા ના તો ખાલી સપના જોવાના ,
લોકો કહે ઉપવાસ કરો ,આચર-કુચર ખાવાની હવે ઉમર નથી
ભાગી જવુછે ,ભગવા પેરીને આ ભવ સાગર ને પેલે પાર ?
લોકો  કહે છોકરા સાચવો, બાવા બનવાની હજુ ઉમર નથી .

# પ્રેરણાદાયી વિચારો



વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

- જ્યારે લોકો તમારી ' નકલ ' કરવા મંડે ત્યારે સમજવું કે તમે સફળ થઈ રહ્યા છો.
- કમાણી કરો ખૂબ કમાણી કરો; અને ત્યાં સુધી કમાણી કરો જ્યાં સુધી મોંઘી વસ્તુ સસ્તીન લાગવા લાગે.
- જે વ્યક્તિની લાલચ ખત્મ તેની પ્રગતિ પણ ખત્મ.
- જે વ્યક્તિએ ક્યારેય ભૂલ નથી કરી તેમણે ક્યારેક કંઇ પણ નવું કરવાનો પ્રયત્ન નથી કર્યો.
- ભીડ સાહસ તો આપે છે પરંતુ ઓળખાણ છીનવી લે છે.
- તમે કોઈ પણ વસ્તુને હૃદયથી મેળવવા માંગતા હો તો પૂરી કાયનાત તેને તમને મેળવી આપવા કામે લાગી જાય છે.
- કિનારે ઊભા રહીને પાણી જોવાથી નદી પાર થઈ શકતી નથી.
- જો તમારા લક્ષ્ય ઉપર લોકો હસતા નથી તો સમજવું તમારું લક્ષ્ય ઘણું નાનું છે.
- જેટલો સંઘર્ષ વધારે આવશે જીત એટલે જ શાનદાર હશે.
- અસફળતા વિશે ચિંતા ન કરો તમારે તો બસ એક જ વખત સફળ થવું જ છે પ્રયત્ન કરતા રહો.
- કળા તો બધામાં હોય જ છે તફાવત બસ એટલો જ છે કોઈની કળા છુપાઇ જાય છે તો કોઈ ની કળા છપાઈ જાય છે.
- બીજાને સંભળાવવા તમારો અવાજ ઊંચો ન કરો પરંતુ તમારા વ્યક્તિત્વને એટલું ઊંચું લઈ જાવ કે તમને સાંભળવા લોકો માનતા રાખે.
- લોકો તમારી પ્રશંસા કરે કે ન કરે પરંતુ તમે સારા કામ કરતા રહો અડધી વધારે દુનિયા ઊંઘતી હોવા છતાં સુરજ ઉગે છે.
- ઓળખાણથી મેળવેલું કામ થોડા સમય માટે રહે છે પરંતુ કામ થી થયેલી ઓળખાણ જિંદગીભર રહે છે.

# શાળાની પ્રવૃત્તિઓ




























ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન



# ખેલ મહાકુંભ તાલુકાકક્ષા ની સ્પર્ધા


















લિગ્નાઈટ પ્રોજેક્ટ – પાન્ધ્રોના

સૌજન્યથી

ફીટ ઈન્ડીયા અંતર્ગત ઈન્વીટેશન કબડ્ડી

ઓપન વિભાગ

લખપત



















































# કલા ઉત્સવ

## ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી

150 YEARS OF CELEBRATING THE MAHATMA

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर











# ગરબા ઉત્સવ







# યુવક મહોત્સવ




# શિક્ષકદિન

















# શ્રી શ્યામજી કૃષ્ણવર્મા જન્મ જયંતિની ઉજવણી










## ગણિતજ્ઞ શ્રી ગીજુભાઈ ભરાડ સાહેબની આપણી શાળા મુલાકાત





## શનિવાર ની પ્રવૃતિ